## વડીલોને વંદન અભિનંદન



પ્રહલાદભાઈ જાની
(૧૯૩૫) મો. ૮૧૪૦૪૮૯૦૧૮



એલ.જે. રાજગુરૂ
(૧૯૩૩) ફોન. ૨૩૨૨૭૦૬૬

# ડીસા શહેરમાં રોગચાળો ફેલાવાની ભીતિ : હેલ્થ વિભાગે ઈશ્યુ કરી નોટીસ

### ક્લોરીનેશન મામલે પાલિકા ચીફ ઓફિસર અને હેલ્થ અધિકારી જીવરાની આમને-સામને

ડીસા, તા. ૬

ડીસા નગરપાલિકાને અર્બન હેલ્થ ઓફિસરે નોટીસ પાઠવી જાહેર કરેલ છે કે સમગ્ર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થયું નથી. એટલે કે લોકો અશુદ્ધ પાણી પીએ છે. જેથી ચોમાસાના સમયમાં લોકો રોગનો ભોગ બની શકે છે.

ડીસાના હેલ્થ ઓફિસર હર્ષ પટેલ દ્વારા તાજેતરમાં એક આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરાઈ હતી અને રોગચાળો ફેલાવાનું મુખ્ય કારણ પાણી જન્ય રોગ અટકાવવા એક સર્વે અને ચેકિંગના ભાગ સમગ્ર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા ૧૪ બોરમાં ક્લોરીનેશન થાય છે કે નહિ તેની જાત તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ચોંકાવનારી એવી બાબત બહાર આવેલ કે શહેર રામભરોસે છે. એટલે કે તમામ ૧૪ બોરમાં ક્લોરીનેશનના સાધનો ધૂળ ખાય છે અને આ તમામ બોરોમાં ક્લોરીનેશનની કામગીરી થતી જ નથી. જે બાદ આ ગંભીર પ્રકારની ગફલત દાખવનાર પાલિકા ચીફ ઓફિસરને અર્બન હેલ્થ વિભાગે એક નોટીસ ઈશ્યુ કરી હતી. અને રોગચાળાનું પ્રમાણ ચોમાસામાં વધવાની શક્યતા હોઈ ક્લોરીનેશન પ્લાન્ટ તાત્કાલિક શરૂ કરવા તાકીદ કરી હતી. હેલ્થ વિભાગની તપાસમાં એવું પણ બહાર આવેલ કે ૧૧ બોરમાં તો ક્લોરીનેશન સોલ્યુસન જ નથી. જે અતિ ગંભીર બાબત હોવાનું જણાવી ડીસા તાલુકા હેલ્થ ઓફિસરે એમ.આર.જીવરાની એ આ મામલે તેઓ એ એપેડેમીક ઓફિસર પાલનપુરને પણ આ મામલાની જાણ કરેલ હોવાનું જણાવ્યું હતું.

જયારે આ બાબતે નગરપાલિકાના ચીફ ઓફિસર હેમંત પટેલ દ્વારા ટેલીફોનીક વાર્તાલાપમાં તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશ જીવરાનીના ક્લોરીનેશન બંધ બાબતના રીપોર્ટનું ખંડન કરાયું હતું. તેમને વધુમાં જણાવાયેલ કે 'અમારી નગરપાલિકા કચેરી દ્વારા નિયમિત ક્લોરીનેશન થાય છે. અને લોકોને શુદ્ધ પીવાનું પાણી મળે છે. તેવું જણાવતા બંને સરકારી ક્ષેત્રના જવાબદાર અધિકારીઓના ભિન્ન નિવેદનમાં સત્ય શું તે બાબત પણ તપાસનો વિષય બનેલ છે. જ્યારે અર્બન હેલ્થ અને તાલુકા હેલ્થ અધિકારી મહેશભાઈ જીવરાનીની કાર્યવાહી સાચી છે. અને તેઓની ચકાસણીમાં આ તમામ ૧૪ બોરમાં ક્લોરીનેશન બંધ હોવાનું બહાર આવેલ હોઈ તેમને નોટીસ ઈશ્યુ કરેલ હોવાનું આરોગ્ય અધિકારી મહેશભાઈ જીવરાનીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

જ્યારે બીજી તરફ તાલુકા હેલ્થ અધિકારી ડૉ. મહેશભાઈ જીવરાનીની તપાસમાં પાલિકાની ગંભીર ગફલત બહાર આવેલ છે કે પાલિકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા ક્લોરીનેશન પ્લાન્ટ ચાલુ છે કે બંધ તેની કોઈ જ સારસંભાળ લેવાતી નથી અને માત્ર પુરાવા માટે ક્લોરીનેશન સોલ્યુસનના ખાલી ડબલાં અને કીટ બોરની ઓરડીમાં રખાય છે. જે ધૂળ ખાતા સ્પષ્ટ દેખાઈ આવે છે. જે પાલિકાની બેદરકારીનો બોલતો નમુનો છે. અમારા દ્વારા અનેકો વાર આવી નોટીસો ઈશ્યુ થાય છે. પણ કોઈ ઠોસ દાખલારૂપ સજા કે કાર્યવાહી ના થતા આવા ક્લોરીનેશન પ્લાન્ટ બંધ રહેતા શહેર રોગચાળામાં સપડાય છે. આ ઘટનાથી પાલિકાના હાલના શાસક પક્ષ દ્વારા અપાયેલી 'મારૂ શહેર સ્વચ્છ, સુંદર અને રળીયામણું'ની થીમ પોકળ સાબિત થયેલ છે.



## અમદાવાદ વિશા ખડાયતા મિત્રમંડળનું ગૌરવ

ધનસુરા, તા. ૬

અમદાવાદ ખાતે વિશા ખડાયતા મિત્ર મંડળની સામાન્ય સભા મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રમુખ તરીકે પિયુષકુમાર ચિમનલાલ શાહ (ડેમાઈવાળા)ની



સર્વાનુમતે વરણી થતાં ઉપસ્થિત પૂર્વ પ્રમુખ વિજય ઠહેડી અને સમાજના અસંખ્ય યુવાનોએ આવકાર સાથે અભિનંદન પાઠવ્યા હતા.

આ સાથે જ આવેલા સમાજના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પિયુષભાઈ શાહ અમદાવાદની અનેક સંસ્થાઓ જેવી કે શૈક્ષણિક સંસ્થા બાઈ જીવકોર લલ્લુભાઈ સ્કૂલ તથા કોલેજમાં ટ્રસ્ટી તરીકે અમદાવાદ મર્કેન્ટાઈલ બેન્કમાં શાખામાં કમિટીમાં તેમજ ખડાયતા જ્ઞાતિની શરાફી બેન્ક ગીરિરાજ ક્રેડીટ કો.ઓ. સોસાયટીમાં ડીરેક્ટર તરીકે અને ગોકુલ ખડાયતા ભવનમાં સભ્ય તરીકે સેવા આપે છે. તેમજ અમદાવાદ વિશા ખડાયતા સમાજનું ગૌરવ વધારેલ છે.

# મંત્રી બાબુભાઈ બોખેરિયા અંગે ૧૬મીએ કોર્ટનો ચુકાદો

અમદાવાદ, તા.૦૬

ગુજરાતના પાણી પુરવઠા પ્રધાન બાબુભાઈ બોખેરિયા ઉપર રાજીનામુ આપી દેવાનું દબાણ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ વધારી દીધુ છે. બીજી બાજુ બોખેરિયાને મળેલી ત્રણ વર્ષની સજાના મુદ્દે આજે પોરબંદરમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૧૬મીએ ચુકાદો આપવાની વાત કરી હતી. બાબુભાઈ બોખેરિયા સામે વર્ષ ૨૦૦૬માં ૫૪ કરોડ રૂપિયાની ખનીજ ચોરીના ગુનામાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બાબુ બોખેરિયાને આ મામલામાં ત્રણ વર્ષની સજા ફટકારવલામાં આવી હતી.

બાબુભાઈને કરવામાં આવેલી સજા પર સ્ટે મુકવાની માંગ કરીને અરજી કરવામાં આવી હતી જે મામલે પોરબંદરની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી પરંતુ આજે કોઈ ચુકાદો આપવામાં આવ્યો ન હતો. કોર્ટે ૧૬મી તારીખે સ્ટે મામલે ચૂકાદો આપવાની વાત કરી હતી. બાબુભાઈ બોખેરિયાને લઈને મોદી સરકાર પર પણ હાલ દબાણ વધી ગયુ છે. કોર્ટે સજા ફટકાર્યા બાદ કોંગ્રેસ દ્વારા જોરદાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ બાબુભાઈ પોતે રાજીનામુ આપવા માટે તૈયાર નથી પરંતુ જાણકાર રાજકીય નિષ્ણાંતો માને છે કે બાબુભાઈને આ કૌભાંડમાં સજા કરવામાં આવ્યા બાદા રાજીનામુ આપવું પડશે.



(હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર સરકારી વસાહતના મકાન નં. એફ-૧૨માં રહેતા વી.એમ. નિનામાના ઘરમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા અને ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાનું મંગળસૂત્ર, સોનાની, ચેઈન અને વીંટી ભરેલું બોક્ષ ચોરી ગયા છે. બનાવ અંગે પોલીસને જાણ કરાતા પી.એસ.આઈ. વ્યાસ અને સ્ટાફના માણસો ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને ચોરી અંગે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વણઝારા સમાજનું ગૌરવ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતાપાર્ટીના મંત્રી અને ગુજરાત



વણઝારા સમાજના પ્રદેશ મહામંત્રી વિજયસિંહ ફુલાજી વણઝારાના પુત્ર વિરેન્દ્રસિંહ વણઝારાએ માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ૯૨.૭૦ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવી સમાજ ગામ અને શાળાનું ગૌરવ વધાર્યુ છે. વણઝારા સમાજ ગુજરાતના પ્રમુખ નારાજી બાબુજી વણઝારા, ઉપપ્રમુખ મંત્રી તથા હોદ્દેદારોએ વિરેન્દ્રસિંહને અભિનંદન પાઠવી ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છા આપી હતી. સમાજમાં અન્ય વિદ્યાર્થીઓ પણ તેજસ્વી બની સમાજનું ગૌરવ વધારે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.



## શ્યામાપ્રસાદ મુખરજીને મુખ્યમંત્રીની ભાવંજલિ

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૩મી જન્મજયંતિએ આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં સદ્‌ગત મૂખરજીના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા, સંસદીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, વૈધાનિક બાબતોના રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, વિધાનસભા સચિવશ્રી ડી. એમ. પટેલ અને કર્મયોગીઓએ પણ સ્વ. મૂખરજીને ભાવાંજલિ અર્પણ કરી હતી.

# સાવલી બેઠકના અપક્ષ ધારાસભ્ય ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૬

સાવલી બેઠકના અપક્ષ ધારાસભ્ય કેતન ઈનામદાર પોતાના સેંકડો સમર્થકો સાથે આજે ભાજપમાં જોડાઈ ગયા હતા. આગામી લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસમાંથી અને અન્ય પક્ષોમાંથી આગેવાનોને ભાજપમાં લાવવા માટે ભાજપ દ્વારા શરૂ કરાયેલ પ્રયાસની આ પહેલી પહેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણી પહેલાં જ ગુજરાતમાં કોંગ્રેસના કાંગરા ખેરવવાની રણનીતિ ભાજપે ઘડી કાઢી છે અને કોંગ્રેસના નારાજ આગેવાનોનો સંપર્ક સાધીને ભાજપમાં લાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

ગત વિધાનસભા ચૂંટણી બાદ કોંગ્રેસના સૌરાષ્ટ્રના દિગ્ગજ પટેલ આગેવાન વિઠ્ઠલ રાદડીયા અને તેમના પુત્ર જયેશ રાદડીયાએ કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ ગયા બાદ ભાજપમાંથી પેટા ચૂંટણીઓ લડીને ધારાસભ્ય સંસદસભ્ય તરીકે પિતા પુત્ર ચૂંટાઈ આવ્યા હતા.

આ ઉપરાંત પેટા ચૂંટણી સમયે હળવદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય દેવજીભાઈ ફતેપુરાએ પણ કોંગ્રેસને અલવીદા કરી ભાજપમાં જોડાઈ ગયા હતા. જ્યારે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સમયે જ જામજોધપુરના પૂર્વ ધારાસભ્ય બ્રીજરાજસિંહ જાડેજા પણ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ આજે મુળ ભાજપ ગોત્રના અને સાવલી બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલા કેતન ઈનામદાર આજે પોતાના સેંકડો સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા છે.

# ગુજ. યુનિ. અસંખ્ય પ્રવેશ વંચિતો માટે કોઈ જ કાર્યવાહી નહી

અમદાવાદ, તા. ૬

ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ અભ્યાસક્રમો માટે હાલ પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે. આ પ્રક્રિયા અંદાજે પંદર દિવસ પહેલા શરૂ થઈ છે. અમુક શાખાઓમાં પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થઈ ગઈ છે. છતા યુનિવર્સિટી પાસે કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો અને કેટલા પ્રવેશથી વંચિત રહ્યા તેનો આંકડો નથી યુનિવર્સિટીના અંદરના વર્તુળો દ્વાર કહેવાયું હતું કે પ્રવેશ વંચિત માટે અલગથી ફોર્મ બહાર પાડી તેમની પ્રવેશ કાર્યવાહી કરાશે. પરંતુ આજે યુનિ.ના સત્તાધીશોએ જણાવ્યું છે કે અસંખ્ય પ્રવેશ વંચિતો માટે યુનિ. કોઈ કાર્યવાહી કરાશે નહિ.

પ્રાપ્ત સૂત્રો અનુસાર ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી વિવિધ ફેકલ્ટીઓમાં હાલ પ્રવેશ માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ પ્રક્રિયા અંદાજે ૧૫ દિવસથી ચાલી રહી છે છતાં યુનિવર્સિટીના સત્તાધીશો પાસે કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો અને કેટલા બાકી છે તેનો ચોક્કસ આંકડો નથી યુનિવર્સિટીના સત્તાધીશોના જણાવ્યા મુજબ ૨૦૦૦ જેટલી બેઠકો ખાલી પડે તેમ છે. જ્યારે વિવિધ નામાંકિત કોલેજોએ કોલેજમાં હાઉસફૂલના પાટીયા મારી દીધા છે. જેનાથી અસંખ્ય વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રઝળી રહ્યા છે. સૂત્રો મુજબ યુનિ.ના સત્તાધીશો કહે છે કે ૨૦૦૦ જેટલી બેઠકો ખાલી પડી છે. પરંતુ વિદ્યાર્થીઓ જ્યારે કોજો પર પ્રવેશ માટે જાય છે ત્યારે કોલેજો દ્વારા બધી બેઠકો ભરાઈ ગઈ હોવાનું કહીને કાઢી મૂકે છ. સામાન્ય રીતે જે વીદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હોય તેમના માટે યુનિ. દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. યુનિ.ના આ વિદ્યાર્થીઓને વવિક કોલેજોમાં મોકલી કોલેજોને પ્રવેશ આપવા માટે આદેશ આપી શકે છે.

સૂત્રો મુજબ યુનિવર્સિટીના અંદરના વર્તુળો દ્વારા પહેલા જાણવા મળ્યું હતું કે પ્રવેશ વંચિત અસંખ્ય વિદ્યાર્થીઓ માટે યુનિ. અલગથી ફોર્મ બહાર પાડી પ્રવેશની વ્યવસ્થા કરશે. પરંતુ આજે યુનિ.ના સત્તાધીશોએ અસંખ્ય પ્રવેશ વંચિત વીદ્યાર્થીઓ માટે કોઈ જ કાર્યવાહી કરશે નહિ તેમ જણાવ્યું છે. જેનાથી હવે જેમને પ્રવેશ નથી મળ્યો તે વિદ્યાર્થીઆ જાતે રખડીને કોઈ કોલેજમાં ડોનેશન આપીને અથવા ગમે તે રીતે પ્રવેશ મેળવવો પડશે. નહિ તો તેમને પોતાનું મહત્વનું વર્ષ બગાડવું પડે તેવી સ્થિતિ છે. જેનાથી વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે. અને આગામી દિવસોમાં ભારે વિરોધ થાય તેવી પરિસ્થિતિ છે.

## કાચા મકાનો... ● પહેલા પાનાનું ચાલુ

જિલ્લામાં ૧૭થી ૨૦ના ગુણાંકમાં આવતા લાભાર્થીઓ માટે સરદાર આવાસ યોજના છે અને આ યોજનામાં લાભાર્થીઓને પ્લોટ માટેનો વિવાદ હમણાં તાજેતરમાં થયેલી પંચાયતની સામાન્ય સભામાં પણ ચમક્યો હતો.

જિલ્લામાં ગુડા અને ઔડાની હદો લાગતી હોવાથી ગામતળ નીમ કરવામાં તંત્રને વહીવટીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

દરમ્યાન જિલ્લાના તાજેતરમાં જાહેર થયેલા વસ્તી ગણત્રીના આંકડાઓમાં પણ કુલ ૨ લાખ૧૫ હજાર જેટલા આવાસો હોવાનું બહાર આવ્યું છે. જો કે તેની વિગતવાર હકીકતોમાં ઘણા મકાનો ખાલી હોવાનું તેમજ ભાડે રહેનાર વર્ગ પણ મોટો જણાયો છે. જે ઉલ્લેખનીય છે.

રાજ્ય સરકારે મધ્યમવર્ગને પોષાય તે માટે એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમો અને ગરીબો જે કાચા મકાનમાં છે તેમને છત ધરાવતા મકાનો બનાવવા માટેનો લક્ષ્યાંક નિયત કર્યો છે.

## નિસાન દ્વારા સ્પોર્ટી માઈક્રા એક્ટિવ અને પ્રીમિયમ ન્યૂ માઈક્રા લોન્ચ કરાઈ

નિસાને આજે ન્યૂ નિસાન માઈક્રાના લોન્ચિંગની જાહેરાત કરી હતી, જે મજબૂત, ઊર્જાવાન એક્સટિરિયર અને પ્રિમિયમ ઈન્ટિરિયર્સ ધરાવે છે. માઈક્રા એક્ટિવ પણ કેન્દ્ર સ્થાને છે, જે સ્પર્ધાત્મક ભાવે ગુણવત્તા અને દેખાવ ઓફર કરતી એક મોકળાશવાળી હેચબેક છે.

ન્યૂ માઈક્રા ચોથી પેઢીની સિટી કાર પર આધારિત છે.તે રિડિઝાઈન્ડ એક્સટિરિયર, રિફ્રેશ્ડ પ્રિમિયમ ઈન્ટિરિયર્સ અને એડવાન્સ્ડ યુઝર ફ્રેન્ડલી ફીચર્સની લાંબી યાદી અને ડાયનામિક ન્યૂ લૂક ધરાવે છે. નિસાનના વર્સેટાઈલ વી પ્લેટફોર્મ પર નિર્માણ પામેલી ન્યૂ નિસાન માઈક્રા અને માઈક્રા એક્ટિવનું દેશવ્યાપી વેચાણ ૩, જુલાઈ ૨૦૧૩થી શરૂ થયું છે. માઈક્રા ૩૦ વર્ષથી વધુ સમયનો વારસો ધરાવે છે અને વિશ્વ સ્તરે ઘણા એવોર્ડ્સ અને અને પ્રશસ્તિઓ મેળવીને તેની વિશ્વસનીયતા સ્થાપિક કરી છે.માઈક્રાનું વૈશ્વિક વેચાણ, જે ઘણા દેશોમાં માર્ચ તરીકે પણ ઓળખાય છે, ૬૫ લાખ યુનિટથી વધી ગયુ છે. ન્યૂ નિસાન માઈક્રા આ વારસાને આગળ ધપાવે છે અને તે વિકસિત દેશો અને ભારત જેવા વિકાસશીલ દેશોમાં ગ્રાહકોની વિવિધ પસંદ અને જરૂરિયાતોને સંતોષવા માટે આધુનિક બનાવાઈ છે.

## શબ્દાવલી - ૫૧૧૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | |
| | ■ | | ■ | ૬ | | | ■ |
| ૭ | | | | | ■ | ■ | ૮ |
| ■ | ■ | | ■ | ■ | ૯ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ■ |
| ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. નિરૂપાય (૩)
૩. કંકુ (૪)
૬. મનુષ્ય (૩)
૭. કૌન બનેગા... સિરિયલ ખુબ લોકપ્રિય બની છે (૫)
૯. વિરામ, વિશ્રામ (૩)
૧૧. રીબીન, માથામાં બાંધવાની પટ્ટી (૩)
૧૩. ચઢવણી (૪)
૧૪. 'લાજ' શબ્દ ઉંધો (૨)
૧૫. પાદુકા, લાકડાના ચપ્પલ (૩)
૧૬. બધા, સમગ્ર (૩)
૧૭. ગામડામાં.... ના પથ્થરોનાં મકાન બનાવાય છે (૨)
૧૯. સુંદર ચક્ષુ-આંખવાળી સ્ત્રી (૪)
૨૦. વિદ્યા... થી શોભે છે (૩)

### ઊભી ચાવી

૧. યોગ્ય (૩)
૨. રઝળપાટ (૫)
૩. ખરાબ બુદ્ધિ (૩)
૪. ... કમને સોંપેલું કામ પુરૂ કરવું પડે (૨)
૫. ગોદ, ખોળો (૨)
૮. તાત, ઘરેણું (૩)
૯. બાધા (૩)
૧૦. ફરિયાદ (૨)
૧૧. ભાર, વજન જવાબદારી (૨)
૧૨. છૂ, પોબારા, ... થઈ જવું (૪)
૧૩. પર્વતની ટોચ (૩)
૧૫. પ્રેમ, સ્નેહ (૩)
૧૭. ભગિની (૨)
૧૮. આગ, અગ્નિ (૨)

### શબ્દાવલી ૫૧૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સગપણ (૪) હાલત (૬) ગાજર (૭) દામ (૮) ચોગાન (૧૦) જસ (૧૨) ચોર (૧૩) અચાનક (૧૪) ગમન (૧૬) ગળા (૧૭) સમરસ (૧૮) વાસણ (૧૯) ડફલી (૨૦) કોટવાળ

**ઊભી ચાવી :-** (૧) સગાઈ (૨) ગજ (૩) પરચો (૪) હામ (૫) તમસ (૭) દાન (૯) ગાયક (૧૦) જરમર (૧૧) ઉચાળા (૧૨) ચોગમ (૧૩) અગવડ (૧૫) નસ (૧૭) સણકો (૧૮) વાલી

ટચૂકડી જાહેર ખબર

**પ્લોટ વેચવાનો છે**

સેક્ટર-૨૮, ઘ-૬ કોર્નર ૨૩૫ વારનો પ્લોટ તથા સેક્ટર-૪/ડીમાં ફલેટ વેચવાના તથા ભાડે આપવાના છે

-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧

**ઓફિસ વેચવાની છે**

સેક્ટર-૧૧માં ૫૦૦ ફુટની ઓફિસ તથા સે-૨૮, ઘ-૬ કોર્નરે દુકાનો વેચવાની તથા ભાડે આપવાની છે.

-: સંપર્ક :-
૯૮૨૫૮૦૫૧૪૧

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઍન્જિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ